# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૦૨/૨૦૧૯-૨૦/ 5061-5 તારીખ : 30-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
ડોડીયા ધીરુભાઈ ભગવાનભાઈ
મું. પો. : લુંબા , તા. : વેરાવળ, જી. : ગીર સોમનાથ,
પીન કોડ. : ૩૬૨૨૬૮
મોબાઈલ : ૯૯૧૩૧ ૦૭૪૯૭

વિષય : વીજ પોલ ઉભો કરી લાઈટ આપવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૦૭-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-૦૨/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum + P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વેરાવળ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રાંચી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૨/૧૯-૨૦/** તા.

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૨/ક્વા-૨/૧૯-૨૦

| | | |
|---|---|---|
| અરજદાર: | ડોડીયા ધીરુભાઈ ભગવાનભાઈ | ગામ: લુંભા |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. | |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ |
| રજૂઆત કરનાર: | નાયબ ઈજનેર શ્રી આર. આઈ. જાદવાણી પીજીવીસીએલ વર્તુળ કચેરી, જુનાગઢ |

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ |
| તારીખ: | ૨૩-૦૭-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૩-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ડોડીયા ધીરુભાઈ ભગવાનભાઈ ગામ -લુંભા, તેઓની અરજીના નોંધણી નં: ૧૨/ક્વા-૨/ ૧૯-૨૦, માં જણાવે છે કે, વાયુ વાવાઝોડા દરમ્યાન તેઓના ખેતીવાડી વીજજોડાણ ના વીજપોલ પડી જતા આશરે ૧૮ દિવસ થી વીજજોડાણ મા પાવર સપ્લાય બંધ થવાથી ખૂબજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સદર બાબતે તા.૨૫–૦૫–૧૯ ના રોજ ઓનલાઈન ફરીયાદ કરેલ, જેના નંબર – ૧૨૦૩૬૩૫૪ છે. ત્યારબાદ, તા.૨૯–૦૫–૧૯ ના રોજ ફરીથી ઓનલાઈન ફરીયાદ નંબર –૧૨૦૪૭૯૨૯ થી ફરીયાદ નોંધાવેલ, તેમ છતા કોઈ કાર્યવાહી કરાયેલ નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાયુ વાવાઝોડા દરમ્યાન ડોડીયા ધીરુભાઈ ભગવાનભાઈ ના ખેતીવાડી વીજજોડાણ ના પડી ગયેલ વીજપોલ – જે તા.૦૨–૦૭–૧૯ ના રોજ પોલીસ બંદોબસ્ત મળતા – પોલીસ સ્ટાફની હાજરીમાં થયેલ સમાધાન મુજબ – વીજપોલ ઉભો કરી અને પાવર સપ્લાય ચાલુ

કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બદલ અરજદારેરાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૧૬–૦૭–૧૯ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ - સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૬–૦૭–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot